# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-08-2024** **MIDDAY : 1.20 to 1.30**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

*******************************************************************************

- ✓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જણાવ્યું છે કે, અવકાશ વિજ્ઞાન ક્ષેત્રે વિકાસ એ ભારતનો વિકાસ છેઃ આજે દેશભરમાં પ્રથમ રાષ્ટ્રીય અવકાશ દિવસ ઉજવવામાં આવી રહ્યો છે
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પોલેન્ડની મુલાકાત પૂર્ણ કર્યા બાદ યુક્રેનની રાજધાની કિવ પહોંચ્યા
- ✓ સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું છે કે, ભારત અને અમેરિકા વચ્ચેની સ્વાભાવિક ભાગીદારી વધુ મજબૂત બનશે
- ✓ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજે અમદાવાદ અને ગાંધીનગરની મુલાકાતે
- ✓ જૂન મહિનામાં કર્મચારી રાજ્ય વીમા યોજના - ESIC હેઠળ 21 લાખ 67 હજાર નવા કર્મચારીઓએ નોંધણી કરાવી

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# NATIONAL SPACE DAY

દેશભરમાં આજે પ્રથમ રાષ્ટ્રીય અવકાશ દિવસની ઉજવણી થઈ રહી છે. આ દિવસ ચંદ્રયાનની સફળતાને સમર્પિત છે. નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે મુખ્ય સમારોહનું ઉદ્ઘાટન કરતા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જણાવ્યું કે ઇસરોએ દેશના

સામાજિક – આર્થિક વિકાસમાં અમૂલ્ય યોગદાન આપ્યું છે. રાષ્ટ્રપતિએ જણાવ્યું કે ઇસરોની સફર શરૂઆતથી શાનદાર રહી છે. તેમણે કહ્યું કે અવકાશ વિજ્ઞાન ક્ષેત્રે વિકાસ એ ભારતનો વિકાસ છે. વધુમાં સુશ્રી મુર્મુએ જણાવ્યું કે ભારતના અવકાશ કાર્યક્રમનો હેતુ સામાજિક અને આર્થિક પ્રગતિને પ્રોત્સાહન આપવાનો છે.

આ વર્ષે 'ચંદ્રને સ્પર્શતા, જીવનને સ્પર્શવું' વિષય વસ્તુ સાથે રાષ્ટ્રીય અવકાશ દિવસની ઉજવણી કરાઈ રહી છે, જે સમાજ અને ટેક્નોલોજીનો અવકાશ સંશોધન ક્ષેત્રે ઉંડી અસરોને દર્શાવે છે.

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે પ્રથમ રાષ્ટ્રીય અવકાશ દિવસ પર નાગરિકોને શુભેચ્છા પાઠવી છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, તેમણે કહ્યું, આ દિવસ અવકાશ ક્ષેત્રમાં ભારતની નોંધપાત્ર યાત્રાની યાદ અપાવે છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય અવકાશ દિવસની શુભેચ્છા પાઠવતા જણાવ્યું કે, આ દિવસ ભારતીય અવકાશ વૈજ્ઞાનિકોના યોગદાનની પ્રશંસા કરવાનો પણ છે. તેમણે કહ્યું કે, કેન્દ્ર સરકારે આ ક્ષેત્રને લગતા શ્રેણીબદ્ધ નિર્ણયો લીધા છે..

## UN UKRAIN MODI

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પોલેન્ડનો પ્રવાસ પૂર્ણ કરીને આજે કિવની રાજધાની યુક્રેન પહોંચ્યા હતા. કિવ માટે રવાના થતા પહેલાં શ્રી મોદીએ જણાવ્યું કે, તેઓ દ્વિપક્ષીય સહકાર મજબૂત બનાવવા અગાઉની મંત્રણાને આગળ ધપાવવા અને વર્તમાન યુક્રેન સંઘર્ષનાં શાંતિપૂર્ણ ઉકેલ અંગે પોતાનો દ્રષ્ટિકોણ રજૂ કરવા આશાવાદી છે. તેમણે જણાવ્યું કે, ભારત આ વિસ્તારમાં શાંતિ અને સ્થિરતા જલ્દી પૂર્વવત થાય તેવી આશા રાખે છે.**

**1992માં બંને દેશો વચ્ચે રાજદ્વારી સંબંધો શરૂ થયા તે પછી ભારતીય પ્રધાનમંત્રીની આ પ્રથમ મુલાકાત છે. તેઓ યુક્રેનના પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કી સાથે આર્થિક, કૃષિ, માળખાકીય ક્ષેત્રો, આરોગ્ય અને શિક્ષણ, ફાર્માસ્યુટિકલ્સ, સંરક્ષણ,**

**સંસ્કૃતિ સહિતનાં અનેક મુદ્દે ચર્ચા કરશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની મુલાકાત રશિયા-યુક્રેન યુધ્ધની પૃષ્ઠભૂમિમાં યોજાઈ રહી છે.**

દરમિયાન સંયુક્ત રાષ્ટ્રના મહામંત્રીએ આશા વ્યક્ત કરી છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની યુક્રેન મુલાકાતથી રશિયા-યુક્રેન યુધ્ધનો અંત લાવવામાં મદદ મળશે. યુધ્ધ વચ્ચે પ્રધાનમંત્રી મોદીની યુક્રેનની મુલાકાત અંગે પૂછવામાં આવતા મહામંત્રીના પ્રવક્તા સ્ટીફન દુજારિકે જણાવ્યું કે, અનેક દેશોનાં વડાઓ યુક્રેનની મુલાકાતે જાય છે અને અમને આશા છે કે આ તમામ મુલાકાતોનાં પરિણામે યુએનની સામાન્ય સભાનાં ઠરાવો અને આંતરરાષ્ટ્રીય કાયદાને અનુરુપ સંઘર્ષનો અંત આવશે.

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે 11 વાગ્યે, આકાશવાણી પરથી પ્રસારિત થનારા 'મન કી બાત કાર્યક્રમ' દ્વારા પોતાના વિચારો રજૂ કરશે. મન કી બાત કાર્યક્રમની માસિક કડીનો આ 113મો એપિસોડ હશે.

આ કાર્યક્રમ આપ આકાશવાણી, દુરદર્શન, AIR ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ પર સાંભળી શકશો.

આ ઉપરાંત આકાશવાણીની અંગ્રેજી, હિન્દી તેમજ પ્રાદેશિક ભાષાઓની યુટ્યૂબ ચેનલ ઉપર પણ આપ તેને સાંભળી શકશો. આકાશવાણી પરથી મુખ્ય કાર્યક્રમ બાદ પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમનું પ્રસારણ કરાશે.

# RAJNATH-US-VISIT

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું છે કે, ભારત અને અમેરિકા સ્વાભાવિક ભાગીદારો છે અને આ ભાગીદારી વધુ મજબૂત બનશે. અમેરિકાની સત્તાવાર મુલાકાતના પ્રથમ દિવસે વોશિંગ્ટનનમાં તેમણે ભારતીય મૂળનાં નાગરિકોને સંબોધન કરતાં જણાવ્યું કે, ભારતીય સમુદાય તેમના સાંસ્કૃતિક મૂલ્યોને જાળવીને પોતાનાં મૂળને વળગી રહ્યો છે એ જોઇને તેમને આનંદ થાય છે.

સંરક્ષણ મંત્રીની વોશિંગ્ટનની મુલાકાત દરમિયાન ભારત અને અમેરિકાએ સિક્યોરિટી ઓફ સપ્લાઇઝ એરેન્જમેન્ટ ડોક્યુમેન્ટ- SOSA સહિતની કેટલીક સમજૂતિઓ કરી હતી. આ અંતર્ગત ભારત અને અમેરિકા રાષ્ટ્રીય સંરક્ષણને પ્રોત્સાહન આપતી ચીજવસ્તુઓ અને સેવાઓને પ્રાથમિકતા આપવા સંમત થયા છે.

શ્રી રાજનાથસિંહ અમેરિકાના સરંક્ષણ મંત્રી લૉઇડ ઑસ્ટિનના આમંત્રણ પર અમેરિકાના ચાર દિવસનાં પ્રવાસે ગઈ કાલે સાંજે વૉશિંગ્ટન પહોંચ્યા હતા. શ્રી સિંહ અમેરિકામાં તેમના સમકક્ષ સાથે તેમજ અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જેક સુલિવાન સાથે પણ બેઠક કરશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

# VICE PREZ-GUJARAT VISIT

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજે અમદાવાદ અને ગાંધીનગરની મુલાકાતે છે. તેઓ નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ગાંધીનગર ખાતે વિદ્યાર્થીઓને સંબોધશે. આ ઉપરાંત ગુજરાત યુનિવર્સિટી ખાતે ધર્મ ધમ્મ આંતરરાષ્ટ્રીય સંમેલનમાં હજારી આપશે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ આ સંમેલનમાં ઉપસ્થિત રહેશે.

# એક અગત્યની જાહેરાત

**આકાશવાણી અમદાવાદનો પ્રાદેશિક સમાચાર વિભાગ આજે રાષ્ટ્રીય અવકાશ દિવસ નિમિત્તે "માનવ કલ્યાણ માટે અવકાશ" આ વિષય ઉપર આકાશવાણી અમદાવાદ – વડોદરા પરથી ખાસ ચર્ચા પ્રસારિત કરશે.**

**આ ચર્ચામાં ઇસરોના નિવૃત્ત વૈજ્ઞાનિક સી એમ નાગરાણી અને આકાશવાણી અમદાવાદના સંવાદદાતા અપર્ણા ખુંટ ભાગ લેશે. આ કાર્યક્રમ આકાશવાણી અમદાવાદ – વડોદરા કેન્દ્ર પરથી આજે રાત્રે સાડા આઠ વાગ્યાથી પ્રસારિત થશે.**

**(અગત્યની જાહેરાત પૂરી થઇ.)**

# KAMLA HARRIS NOMINATION

અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસે 2024ની રાષ્ટ્રપતિની ચૂંટણી માટે ડેમોક્રેટિક પાર્ટીના ઉમેદવાર બનવાનું સ્વીકાર્યું છે.

તેઓ રિપબ્લિકન પાર્ટીના ડોનાલ્ડ ટ્રમ્પ સામે ચૂંટણી લડશે. ડેમોક્રેટિક પાર્ટીના ચાર દિવસના રાષ્ટ્રીય અધિવેશનના અંતિમ દિવસે લોકોને સંબોધતી વખતે સુશ્રી હેરિસે આ વાતની પુષ્ટિ કરી હતી.

સુશ્રી હેરિસે તેમના ભાષણમાં પ્રતિજ્ઞા લીધી કે તેઓ અમેરિકન લોકોને એક કરવા અને દેશના ભાવિ માટે લડવાનો પ્રયત્ન કરશે. ભારતીય મૂળના સુશ્રી હેરિસ ડેમોક્રેટિક ઉમેદવાર બન્યા તે પહેલાં રાષ્ટ્રપતિ જો બાઈડને ચૂંટણી ન લડવાની જાહેરાત કરી હતી. જો તેઓ જીતશે તો અમેરિકાનાં પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ બનશે.

# NEW HOME SECRETARY

વરિષ્ઠ ભારતીય વહીવટી સેવા અધિકારી, ગોવિંદ મોહને આજે નવા કેન્દ્રીય ગૃહ સચિવ તરીકે ચાર્જ સંભાળ્યો છે.

તેઓ અજય કુમાર ભલ્લાના અનુગામી બન્યા છે જેમનો કાર્યકાળ ગઈકાલે સમાપ્ત થયો હતો. શ્રી મોહન 1989 બેચના વહીવટી અધિકારી છે અને અગાઉ તેઓ સંસ્કૃતિ મંત્રાલયમાં સચિવ તરીકે કાર્યરત  હતા.

# ESIC-EMPLOYEES DATA

સરકારે કહ્યું છે કે આ વર્ષે જૂન મહિનામાં કર્મચારી રાજ્ય વીમા યોજના-ESIC હેઠળ 21 લાખ 67 હજાર નવા કર્મચારીઓએ નોંધણી કરાવી છે. જે ગયા વર્ષના સમાન સમયગાળા કરતાં સાત ટકા વધુ છે.

કર્મચારી રાજ્ય વીમા નિગમ- દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર આમાંથી 10 લાખ 58 હજાર કર્મચારીઓ 25 વર્ષ સુધીની ઉંમરના છે.

આ યોજના હેઠળ ચાર લાખ 32 હજાર મહિલાઓ અને 55 ટ્રાન્સજેન્ડર સભ્યોએ પણ નોંધણી કરાવી છે.

## RUDRAPRAYAG LANDSLIDE

ઉત્તરાખંડના રૂદ્રપ્રયાગ જિલ્લામાં ગુરૂવારે રાત્રે ભારે વરસાદને પગલે થયેલા ભૂસ્ખલનમાં ચાર વ્યક્તિનાં મૃત્યુ થયા હતા, તેઓ નેપાળનાં રહેવાસી હતા.

ગુરૂવારે રાત્રે દોઢ વાગે રાજ્ય આપત્તિ પ્રતિભાવ દળ-એસડીઆરએફને માહિતી મળી હતી કે ભારે વરસાદને પગલે ફાટા વિસ્તારમાં ભૂસ્ખલનમાં અનેક લોકો કાટમાળમાં દટાયેલા છે. જવાનો દ્વારા રાહત અભિયાન દરમિયાન ચાર વ્યક્તિનાં મૃતદેહ મળી આવ્યા હતા.

ચમોલી પોલીસના જણાવ્યા પ્રમાણે નંદ્રપ્રયાગ પાસે ભુસ્ખલનને કારણે બદરીનાથ રાષ્ટ્રીય રાજમાર્ગમાં અવરોધ આવ્યો છે.

## INDORE

ઇન્દોરના મહુ વિસ્તારમાં નિર્માણાધીન ફાર્મ હાઉસની છત તૂટી પડતાં પાંચ શ્રમિકોનાં મૃત્યુ થયા હતા. ગુરૂવારે રાત્રે અહીં શ્રમિકો સુતા હતા ત્યારે છત તૂટવાથી તેઓ દટાઈ ગયા હતા. સ્થાનિક લોકોનાં જણાવ્યા પ્રમાણે ગુરૂવારે રાત્રે થયેલી આ દુર્ઘટનાની જાણ શુક્રવારે સવારે થઈ હતી. હાલ રાહત અને બચાવ કાર્ય ચાલુ છે.

## SAFF U20 CHAMPIONSHIP

ભારતીય અંડર-20 ફૂટબોલ ટીમ આજે નેપાળના કાઠમંડુમાં SAFF અંડર-20 ફૂટબોલ સ્પર્ધાની અંતિમ ગ્રુપ મેચમાં માલદીવ સામે ટકરાશે. મેચ ભારતીય સમય અનુસાર બપોરે 2:45 કલાકે શરૂ થશે. ભારતના એક મેચમાં ત્રણ પોઈન્ટ છે. માલદીવ સામે ડ્રો રમીને પણ ભારત સેમીફાઈનલમાં પહોંચશે.